# મારા શામળા છો નાથ

મારા શામળા છો નાથ,

પ્યારા પાર્શ્વજી હો લાલ (૨)

વિનંતી કરું કરજોડીને (૨)

મારા શામળા છો નાથ,

પ્યારા પાર્શ્વજી હો લાલ (૨)

વિનંતી કરું કરજોડીને (૨)

નાગ અગ્નિમાંહેથી ઊગાર્યો, ફૂંકી મંત્ર ધરણેન્દ્ર બનાવ્યો (૨)

તેમ તારી લેજે નાથ,

પ્રભુ હું છું અનાથ (૨)

વિનંતી કરું કરજોડીને (૨), મારા શામળા છો નાથ ...

સમ્મેતશિખર યાત્રાનું મોટું ધામ છે

પ્યારા પાર્શ્વજી શામળિયા તારું નામ છે

સમ્મેતશિખર યાત્રાનું મોટું ધામ છે

પ્યારા પાર્શ્વજી શામળિયા તારું નામ છે

કેવો દીપે છે દરબાર,

અંગે લાલ ગુલાલ (૨)

વિનંતી કરું કરજોડીને (૨), મારા શામળા છો નાથ ...

અંગે આંગી બની છે તારી, તારે માથે મુગટ છે ભારી (૨)

કાને કુંડળનો શણગાર,

એવો મારો દિનાનાથ (૨)

વિનંતી કરું કરજોડીને (૨), મારા શામળા છો નાથ ...

જૈન મંડળ ગુણ તારા ગાવે, ભક્તિ ભાવોથી ધૂન મચાવે (૨)

સહુ ગાયે મારી સાથ,

તને વિનવે છે નાથ (૨)

વિનંતી કરું કરજોડીને (૨), મારા શામળા છો નાથ ...

મારા શામળા છો નાથ,

પ્યારા પાર્શ્વજી હો લાલ (૨)

વિનંતી કરું કરજોડીને (૪)

હો વિનંતી કરું કરજોડીને

2016-03-09 - https://www.youtube.com/watch?v=-F2MNQzeq-o